# સુરત મહાનગરપાલિકા

## હાઈડ્રોલિક વિભાગ

**આર.ટી.આઈ. એકટ ૨૦૦૫ ની કલમ ૪(૧) ખ ના કલોઝ ૧ થી ૧૭ મુજબ જાહેર કરવાજોગ વિગતો**

**૪(૧)–(ખ)–(૪)**

**હાઈડ્રોલિક વિભાગના કાર્યો બજાવવા માટે ખાતાએ નકકી કરેલા ધોરણો :**

**(અ) પાણી પુરવઠાને લગતા નવા કામોની નિર્માણ પ્રક્રિયા :**

- CPHEEO ના Manual ની ગાઈડલાઈન મુજબ શહેરના વિવિધ વિસ્તારો માટે કન્સલટન્ટ ધ્વારા તૈયાર કરાયેલ તબકકાવાર ડીટેઈલ પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરવો.
- સરકારશ્રીની પ્રોજેકટ મંજુરી બાદ અમલીકરણની કાર્યવાહી કરવી.
- સરકારશ્રીની જે તે સમયની જે તે યોજનાને અનુરૂપ આયોજન કરવું તેમજ જરૂર જણાયે કામગીરીનું આયોજન સ્વભંડોળ માંથી કરવું.
- સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તાની અંદાજ મંજુરી બાદ પારદર્શક જાહેર ટેન્ડર પ્રક્રિયા કરવી.
- આવેલ ટેન્ડરોની સી.વી.સી.ની ગાઈડલાઈન મુજબ સ્કુટીની કરી ટેન્ડર સ્કુટીની કમિટિ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર સ્કુટીની કમિટીની ભલામણ મુજબ ટેન્ડર મંજુરી માટે સક્ષમ સત્તાધીશ સમક્ષ રજુ કરવા.
- ટેન્ડર મંજુરી બાદ સંબંધિત ઈજારદારને વર્કઓર્ડર આપવો.
- સંબંધિત ઝોન ધ્વારા સ્થળ પર પ્લોટનું ડિમાર્કેશન મેળવ્યા બાદ નિર્માણ કામગીરી શરૂ કરવી.
- નિર્માણની વિવિધ કામગીરીઓ ટેન્ડર સ્પેશીફીકેશન તથા જે તે આઈટમના સંબંધિત આઈ.એસ. કોડ મુજબ કરાવવી.
- નિયત ટેન્ડર સ્ટાન્ડર્ડ મુજબ ચકાસણી માટેના ટેસ્ટ કરાવવા.
- નિયત મંજુર ટેન્ડર મુજબ અન્ય સંબંધિત કામગીરી કરાવવી.
- કામપૂર્ણ થયેથી વર્કકંપલીશન સર્ટીફીકેટ ઈસ્યુ કરવું.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ દરમ્યાન જરૂરી રિપેરીંગ વિગેરે કામગીરી કરાવવી.
- ડિફેકટ લાયેબીલીટી પીરીયડ પૂર્ણ થયા બાદ ઈજારદારની સીક્યોરીટી ડિપોઝીટ પરત કરવી.

**(બ) પાણી પુરવઠાની તમામ હયાત વ્યવસ્થાના ઓપરેશન તેમજ મરામત અને નિભાવની પ્રક્રિયા :**

- શહેરના નાગરીકોને આપવા આવતા પાણી પુરવઠાની નિયત ગુણવતા હંમેશા IS:10500 મુજબ જળવાઈ રહે તે પ્રમાણે જરૂરી પગલાં લેવા.
- તમામ પ્રકારની કામગીરીમાં હંમેશા એકસુત્રતા જળવાઈ રહે તે માટે ISO: 9001: 2008 મુજબ કામગીરીનો રેકોર્ડ રાખવો.